*Office Of* **The Director General Civil Defence& Home Guards**
**&*Ex Officio* Commandant General, Home Guards,**
**Gujarat State,Laldarwaja Ahmadabad – 380001.**
**Phone No – 079–25506022/25506023 Fax No–25506021**
E-mail id :- sc-homegrd-ahd@gujarat.gov.in

કજ/હો.ગા/તલમ/૧૯૫૯/૩૪૮૦/૨૦૨૧ તા. ૧૬/૧૦/૨૦૨૧

પ્રતિ,

જીલ્લા કમાન્ડન્ટ શ્રી,

હોમગાર્ડઝ, અમદાવાદ શહેર પુર્વ અને પશ્ચિમ, અમદાવાદ ગ્રામ્ય, ગાંધીનગર, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, કચ્છ-ભુજ પશ્ચિમ, ગાંધીધામ પૂર્વ, સુરેન્દ્રનગર, રાજકોટ શહેર, રાજકોટ ગ્રામ્ય, બોટાદ, જુનાગઢ, દેવભુમિ-દ્વારકા, આણંદ, વડોદરા શહેર, વડોદરા ગ્રામ્ય, ભરુચ, નર્મદા, સુરત શહેર, સુરત ગ્રામ્ય, નવસારી ,વલસાડઅને મોરબી

વિષય- માનદ્દ હોમગાર્ડઝ સભ્યોની ભરતી કરવા બાબત.

સંદર્ભ:- (૧) વડી કચેરીના પત્ર નં. કજ/હોગા/તલમ/રિવાઇઝ/૧૫૫૦(૧)/૩૩૮૪ થી ૩૪૨૪ /૨૦૨૧ તા.૧૨/૧૦/૨૦૨૧

(૨) વડી કચેરીનાં પરિપત્ર ક્રમાંકઃ કજ/તલમ/૧૭૨૭/૩૭૮/૨૦૧૯ તા.૨૩/૦૯/૨૦૧૯

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભ પત્રથી હોમગાર્ડઝ ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓના માનદ્ હોમગાર્ડઝ સભ્યોનું રિવાઇઝ સંખ્યાબળ મંજુર કરવામાં આવેલ છે. જે જિલ્લાઓમાં ફાળવેલ સંખ્યાબળ સામે આપના જિલ્લાના સંખ્યાબળ મુજબ ઘટ રહેતી હોય તે જિલ્લાઓમાં માનદ્ હોમગાર્ડઝ સભ્યોની ભરતીની કાર્યવાહી તાત્કાલીક હાથ ધરવાની રહેશે.

૨// અત્રેની કચેરીના પરિપત્ર તા.૨૩/૦૯/૨૦૧૯ ના ક્રમાંક કજ/ તલમ/ ૧૭૨૭/૩૭૮/૨૦૧૯ મુજબ ભરતી પ્રક્રિયા શરુ કરતા પહેલા સ્થાનિક અખબારો/ જાહેર સ્થળોના નોટિસ બોર્ડ/ યુનિટ કચેરીના, જિલ્લા કચેરીના નોટિસ બોર્ડ ઉપર/ ભરતીનો બહોળો પ્રચાર થાય અને વધુમાં વધુ નાગરિકો હોમગાર્ડઝ દળમાં સેવાઓ આપવા ઇચ્છુક બને તે રીતે જાહેરાત કરીને માનદ્ હોમગાર્ડઝ સભ્યોની ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

3// માનદ્ હોમગાર્ડઝ સભ્યોની ભરતીની ઉક્ત ક્રમ ૦૨ મુજબ જાહેરાત તા.૨૨/૧૦/૨૦૨૧ સુધીમાં આપવાની રહેશે. જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી અરજી પત્રકો સ્વીકારવાના રહેશે. મળેલ અરજી પત્રકોની ચકાસણી કરી કેટલા ઉમેદવારોના અરજી પત્રક મળેલ છે. જેની માહિતી વડી કચેરીને રોજે રોજની પુરી પાડવાની રહેશે.

૪// ભરતીના દસ્તાવેજી પુરાવાની ચકાસણીની કામગીરી,મેદાની પરિક્ષા ( કસોટી ) તથા ટેકનીકલ પાંચ મુદ્દાઓને લગતા દસ્તાવેજી પુરાવાની ચકાસણી જેવી તમામ પ્રક્રિયા તા.૩૦/૧૧/૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. ઉમેદવારોને નિયમો બાબતની માહિતી મળી રહે તે માટે જિલ્લા/યુનીટ કચેરી ખાતે સંપર્ક કરવો તથા વેબ સાઇડ www.homeguards.gujarat.gov.in પરથી મેળવવા બાબતનો જાહેરાતમાં ઉલ્લેખ કરવાનો રહેશે.

૫// ભરતી કમિટીના સભ્યોની તથા વડી કચેરીએથી ફાળવવામાં આવનાર પ્રતિનિધિ અંગેની તેમજ અન્ય સુચનાઓ અલાયદા પત્રથી જાણ કરવામાં આવશે.

17/x/21

( ડૉ. નીરજા ગોટરૂ )

કમાન્ડન્ટ, જનરલ

હોમગાર્ડઝ ,ગુજરાત રાજય